## એ...ભારે પરચો

(ફિલ્મઃ લાખા લોયણ)

એ...ભારે પરચો આજ ભાળ્યો,
  માતાજી તારો ભારે પરચો આજ ભાળ્યો.
ઋતુ વસંતનાં કેશર ઘોળીને,
  ત્રિપુંડ ભાલમાં તાણ્યો...એ...ભાલમાં તાણ્યો.
સંધ્યા શ્રાવણની એ સિંદુર છાંટી,
  તારો સેંથો પૂર્યો રઢિયાળો રે...માતાજી.
હૈયે હરખાતી જે દિ' આભમાં હાલો તું તે દિ',
ધડુક્યો ઢોલ એકધારો, ધડુક્યો ઢોલ એકધારો.
ડમ ડમ મેઘનાં પાણીડાં ડમકે,
  એવો ઘુઘરીનો ઘમકારો રે...માતાજી.
ફેર ફંદડી ફર્યાં કરે માડી,
  કાયમ ઋતુ રાસ તારો,
એવા સ્વરૂપ દર્શન સાથે,
  ઓળઘોળ જીવડો મારો રે...માતાજી.
એ...ભારે પરચો આજ ભાળ્યો,
  માતાજી તારો ભારે પરચો આજ ભાળ્યો.

-------